# 1908000103030001/2108000103030002
# EXAMINATION DECEMBER 2024
# BACHELOR OF COMMERCE (NON-NEP)
# (THIRD SEMESTER)
# ACCOUNTANCY & TAXATION-III

**[Time: As Per Schedule]** **[Max. Marks: 50]**

**Instructions:**

**1. Fill up strictly the following details on your answer book**

a. Name of the Examination : **BACHELOR OF COMMERCE (NON-NEP) (THIRD SEMESTER)**

b. Name of the Subject : **ACCOUNTANCY & TAXATION-III**

c. Subject Code No : **1908000103030001/2108000103030002**

2. Sketch neat and labelled diagram wherever necessary.

3. Figures to the right indicate full marks of the question.

4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**English Version** **[Max. Marks: 50]**

**Q.1 (A) Select correct answer.** **8**

(1) On which bases canteen expenses are allocated among different departments?

(A) Direct expenses (B) No. of employees
(C) Area occupied (D) Average Stock

(2) Which of the following items will be credited to General Profit & Loss Account?

(A) Interest on Drawings (B) Interest on capital
(C) Audit Fee (D) Legal Charges

(3) Costs of investments includes-

(A) Stamps duty (B) Brokerage
(C) Both (A) and (B) (D) None of these

(4) Interest on security is calculated on----

(A) Its market Price　　(B) Its face value

(C) Its Book value　　(D) Its Purchase Price

(5) Which of the following income is non-agricultural income?

(A) Income from sale of replanned trees

(B) Income from sale of earth brick-making

(C) Income derived from sale of seeds

(D) Rent for agricultural land received from tenant

(6) Which of the following is not an objective of tax planning?

(A) Reduce the burden of taxes　　(B) To minimize legal wrangles

(C) AProductive investment　　(D) Getting the accounts audited

(7) For how many years is the remaining capital loss allowed to be carried forward under the head of capital gain?

(A) 2 Years　　(B) 4 Years

(C) 6 Years　　(D) 8 Years

(8) Which of the following options is an advantage of Goods and Services Tax?

(A) Lowering of tax rates

(B) Reduction in cases of tax-evasion

(C) Input Tax Credit

(D) All of them

**(B)Fill the blanks** **7**

(1) Income earned from profession or business is charged under the head--------------.

(2) Shares not listed on a recognized stock exchange of India held for--------Months are considered short-term capital assets.

(3) According to the Act, any receipts which are of casual and non-recurring nature are---------incomes.

(4) --------was the first to introduce GST in the year 1954.

(5) Tax collected by the Central Government for each financial year on the total taxable income of an assessee earned during the previous year is called-----------.

(6) -----------taxes are those whose burden can be shifted to others.

(7) Under the provisions of section----------, if the capital gain arising from the sale of any capital property is to be exempted from tax, it is necessary to invest the capital gain in 5-year specified properties issued on or after 1-4-18 within a period of 6 months.

**Q.2 Answer as directed. (Any Four)** **8**

1. Explain the following term
   (a) Previous Year (b) Assement Year
2. Give two examples of direct and indirect taxes.
3. Astha is an Indian citizen. She has stayed in India for 111 days during last Year 2022-23. Her total stay in India during the previous 4 years was 1,111 Days. Determine the residential status for the assement year 2023-24.
4. What is composite supply?
5. Which commodities kept outside the purview of GST?
6. Classify the following under the definition of "Person"

(1) Kapil Sharma (2) Mr. & Mrs. Chudasama and their children
(3) Vyara Municipality (4) Gujrat Chamber of Commerce

7. Deep has 2,000 equity shares of Rs. 180 each purchased at original price on 1-4-2015. In the year 2021-22, fully paid up shares in the ratio of 2:1 have been received as bonus on these shares. If 2,500 of these shares (including 500 bonus shares) are sold on 1-10-2022.
   Inflation Index: 2015-16 254, 2022-23 331
   Find the cost of shares sold.
8. From the following particulars of income of Arunita Kanjiwal, compute her income from Capital gain for the A.Y. 2023-24:

(1) Long-term capital gain on transfer of a plot of land Rs.8,00,000
(2) Short-term capital loss on sale of Shares Realiance Petrochemicales Ltd. Rs. 1,20,000
(3) Long term capital loss on transfer of house property Rs. 85,000

**Q.3** The following information is taken from the books of Vivan Departmental Shop for the year ending on 31-3 -2023. Prepare departmental Trading and Profit and Loss A/C and General Profit and Loss A/C. **13**

| Particulars | Dept. A | Dept. B |
|---|---|---|
| Stock: | | |
| On 1-4-2022 | Rs.1,50,000 | Rs.1,20,000 |
| On 31-3-2023 | Rs.2,00,000 | Rs.1,80,000 |
| Purchase | Rs.1,40,000 | Rs.1,20,000 |

| | | |
|---|---|---|
| Purchase Returns | Rs.20,000 | Rs.30,000 |
| Sales | Rs.2,25,000 | Rs.1,10,000 |
| Sales Returns | Rs.25,000 | Rs.10,000 |
| Salary | Rs.15,000 | Rs.15,000 |
| Machinery | Rs.40,000 | Rs.40,000 |
| Area Occupied (sq. ft.) | 1,500 | 500 |
| Lighting Points | 4 | 3 |

The joint expenses:

Salary General Rs.15,000, Lighting Rs.14,000, Sundry Expenses Rs.9,000, Insurance Premium of Stock Rs.26,000, Audit Fee Rs.12,000, Rent & Taxes Rs.24,000, Discount allowed Rs. 12,000, Discount received Rs.7,000, Advertisement Rs.7,500, Carriage inward Rs. 2,100, Carriage outward Rs.13,500, Manager's salary Rs.12,000

(1) General Salary and Sundry Expenses are associated with sales.
(2) Provide depreciation on machinery at 10%
(3) Advertisement cost of Dept. A is Rs.1, 200 more than advertisement cost of Dept. B.
(4) During the year goods worth Rs.15, 000 have been sent from Dept. A to Dept. B.

**OR**

From the following information, prepare 8% Loan Account in the books of Kripa for the year ended on 31-3-2023: **13**

(1) Date of payment of interest on 30$^{th}$ June and 31$^{st}$ December
(2) Brokerage is calculated at 1% on cost
(3) Transactions during the year:

| **Date** | **Face Value(Rs.)** | **Price(Rs.)** | **Remarks** |
|---|---|---|---|
| 1-5-2022 | 2,00,000 | 94 | Purchase |
| 1-7-2022 | 80,000 | 96 | Ex-interest sale |
| 31-8-2022 | 1,00,000 | 92 | Ex-interest purchase |
| 1-2-2023 | 60,000 | 95 | Sale |

Use Average Cost Method.

**Q.4** (A) Find out taxable capital gain from the following information of Madhuri For the A.Y. 2023-24: **8**

| Assets | Date of Purchase | Purchase Price (Rs.) | Date of Sale | Sale Price (Rs.) | Expenses Transfer (Rs.) |
|---|---|---|---|---|---|
| (1)Jewellery | 1-8-2004 | 5,65,000 | 6-5-2022 | 18,00,000 | 7,500 |
| (2)Residential Home | 30-5-1996 | 2,50,000 | 31-5-2022 | 75,00,000 | 12,000 |
| (3) Personal Motorcar | 18-9-2018 | 4,50,000 | 18-9-2022 | 2,00,000 | ------- |
| (4)Residential Home | 1-1-2023 | 76,00,000 | ----------- | ------------ | ---------- |

The fair market value of the self-residential house was Rs.6, 00,000 on Dt.1-4-2001. She has incurred Rs. 1, 80,600 in year 2020-21 for additional construction in the house.

Relevant Index Nos.

| | |
|---|---|
| 2001-02 | 100 |
| 2004-05 | 113 |
| 2018-19 | 280 |
| 2020-21 | 301 |
| 2022-23 | 331 |

**OR**

(A) Find out taxable capital gain from the following information of Dixit For the A.Y. 2023-24: **8**

1,650 unlisted shares of Reliance Ltd. were sold on 10-3-2023 at Rs.350 per share. For which brokerage at Rs.3 per share has been paid.

The details about the shares sold are:

(1) Original 1,000 shares were purchased on 1-1-1995 at Rs.80 per share.

(2) Reliance Ltd. had allotted 800 bonous shares on 1-3-2000 at the rate of 4 bonous share for every 5 share held.

(3) The fair market value of shares on 1-4-2001 was Rs.90 per share.

(4) Reliance Ltd. had allotted 900 bonous shares on 1-5-2018 at the rate of 1 share for every 2 share held.

(5) Shares sold on 10-3-2023 includes 40% original shares, 100% bonus shares received first and 50% shares out of bonus shares received second allotment.

(6) Relevant Index Nos.

| | |
|---|---|
| 2001-02 | 100 |
| 2022-23 | 331 |

**(B) Write short-notes on- (any three)** **6**

(1) Classify the assesses on the basis of residence
(2) Tax Evasion and Tax Avoidance
(3) GST Council
(4) GST Registration Process

***********

**Gujarati Version** **[Max. Marks 50]**

**Q.1 (અ) સાચો જવાબ પસંદ કરો.** **8**

(1) કેન્ટીન ખર્ચા જુદા જુદા વિભાગો વચ્ચે કયા પ્રમાણમાં ફાળવવામાં આવે છે?
(અ) પ્રત્યક્ષ ખર્ચા (બ) કર્મચારીઓની સંખ્યા
(ક) રોકેલી જગ્યા (ડ) સરેરાશ સ્ટૉક

(2) નીચેના પૈકી કઇ વિગત સામાન્ય નફા-નુકસાનખાતે જમા થશે?
(અ) ઉપાડ પર વ્યાજ (બ) મૂડી પર વ્યાજ
(ક) ઓડીટ ફી (ડ) કાનૂની ખર્ચ

(3) રોકાણની પડતરમાં સમાવેશ થાય...
(અ) સ્ટેમ્પ ડ્યૂટી (બ) દલાલી
(ક) બંને (અ) અને (બ) (ડ) ઉપરમાંથી એકેય નહી.

(4) જામીનગીરી પર પર વ્યાજ કઇ કિંમત પર ગણવામાં આવે છે?
(અ) બજાર કિંમત (બ) દાર્શનિક કિંમત
(ક) વેચાણ કિંમત (ડ) ખરીદકિંમત

(5) નીચેનાં પૈકી કઇ આવક બિનખેતીની આવક છે?
(અ) પુનઃસ્થાપિત વૃક્ષનાં વેચાણની આવક
(બ ) માટીનાં વેચાણની આવક
(ક) બીનાં વેચાણની આવક
(ડ) ખેતીની જમીનનાં ભાડૂઆત પાસેથી મળવાપાત્ર ભાડું

(6) નીચેનાં પૈકી કયો હેતુ કરવેરા આયોજનનો હેતુ નથી?

(અ) કરવેરાના બોજમાં ઘટાડો (બ) કાનૂની ઝઘડા ઓછા કરવાં

(ક) ઉત્પાદક રોકાણ (ડ) સમયસર હિસાબો ઓડિટ કરાવવા

(7) મૂડીનફાનાં શીર્ષક હેઠળ બાકી રહેતી મૂડીખોટ પછીનાં કેટલા વર્ષ સુધી આગળ ખેંચી જવાની છૂટ છે?

(અ) ૨ વર્ષ (બ) ૪ વર્ષ (ક) ૬ વર્ષ (ડ) ૮ વર્ષ

(8) નીચેના પૈકી કયો વિકલ્પ માલ અને સેવા કરનો ફાયદો છે?

(અ) કરવેરાનાં દરમાં ઘટાડો (બ) કરચોરીનાં કિસ્સાઓમાં ઘટાડો

(ક) ઇનપુટ ટેકસ ક્રેડિટનો લાભ (ડ) ઉપરોકત તમામ

**(બ) ખાલી જગ્યા પૂરો.** **7**

(1) ધંધા કે વ્યવસાયમાંથી કમાયેલ આવક --------------નાં શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય.

(2) ભારતનાં માન્ય શેરબજારમાં નહિ નોંધાયેલા શેરો ---------માસ સુધી ધારણ કરેલી હોય તો તે ટૂંકાગાળાની મૂડીમિલકત ગણાય.

(3) જે આવકનું ચોકકસપણે પુનરાવર્તન ન થતું હોય અને અસ્થાયી પ્રકૃતિની હોય તેને ------------ આવક ગણાય.

(4) GST નો સૌ પ્રથમ પ્રારંભ ૧૯૫૪માં --------------માં થયો હતો.

(5) કરદાતાની પાછલા વર્ષની કુલ આવક ઉપર પ્રત્યેક નાણાકીય વર્ષ માટે મધ્યસ્થ સરકાર તરફથી ઉઘરાવવામાં આવતાં વાર્ષિક કર કે વેરાને--------- કહેવાય છે.

(6) જે કરવેરા, જેના પર નાખવામાં આવ્યા હોય તેનો ભાર તે બીજી વ્યક્તિ પર પસાર કરી શકે તેને -----------કહેવાય.

(7) કલમ ---------ની જોગાવઇ હેઠળ કોઇપણ મૂડીમિલકતના વેચાણથી ઉદ્ભવેલ મૂડીનફાની કરમુકિત મેળવવી હોય તો ૬ માસનાં ગાળામાં જ, તા.૧-૪-૧૮ કે ત્યાર પછી બહાર પાડવામાં આવેલ ૫ વર્ષીય નિદિષ્ટ મિલકતોમાં મૂડી-નફાનું રોકાણ કરવું જરૂરી છે.

**Q.2 માંગ્યા મુજબ જવાબ આપો. (કોઇપણ ચાર)** **8**

(1) નીચેનાં પદ સમજાવો.-

(અ) પાછલું વર્ષ (બ) આકારણી વર્ષ

(2) પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરાનાં બે-બે ઉદાહરણ આપો.

(3) આસ્થા ભારતીય નાગરિક છે. પાછલા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન તેઓ ૧૧૧ દિવસ માટે ભારતમાં રહયા છે. તેની અગાઉનાં ૪ પાછલાં વર્ષ દરમિયાન ભારતમાં તેમનાં રહેઠાણનાં કુલ ૧,૧૧૧ દિવસો હતાં

આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે તેમનો રહેઠાણનો દરજ્જો શોધો

(4) સંયુક્ત પુરવઠો એટલે શું?

(5) કઇકઇ વસ્તુઓ GST ના ક્ષેત્રની બહાર રાખવામાં આવી છે?

(6) ‘ શખસ’ ની વ્યાખ્યાનાં સંદર્ભમાં નીચેનાનું વર્ગીકરણ કરો.

(૧) કપિલ શર્મા (૨) શ્રી અને શ્રીમતી ચૂડાસમા તથા તેમનાં સંતાનો

(૩) વ્યારા નગરપાલિકા (૪) ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ

(7) દીપ પાસે તા.૧-૪-૨૦૧૫ના રોજ મૂળ કિંમતે ખરીદેલાં રૂ.૧૮૦નો એક એવાં ૨,૦૦૦ ઇક્વિટી શૅરો છે. આ શૅરો પર વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ૨:૧ નાં પ્રમાણમાં પૂરા ભરાયેલ શૅરો બોનસ તરીકે મળ્યા છે. આ પૈકીનાં ૨,૫૦૦ શૅરો (૫૦૦ બોનસ શૅરો સહિત) તા.૧-૧૦-૨૦૨૨નાં રોજ વેચી દીધા હોય તો વેચેલ શૅરોની પડતર શોધો. સંબંધિત સૂચકઆંકઃ ૨૦૧૫-૧૬ ૨૫૪ ૨૦૨૨-૨૩ ૩૩૧

(8) અરુણીતા કાંજીવાલની આવકની નીચે આપેલી વિગતો પરથી આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે મૂડીનફાનાં શીર્ષક હેઠળ કુલ આવકની ગણતરી કરો.

(1) જમીનના પ્લોટોના વેચાણનો લાંબા ગાળાનો મૂડીનફો રૂ.૮,૦૦,૦૦૦

(2) રિલાયન્સ પેટ્રોકેમિકલ્સ લિમિટેડના શૅરોના વેચાણની ટૂંકાગાળાની મૂડીખોટ રૂ.૧,૨૦,૦૦૦

(3) મકાનનાં વેચાણની લાંબાગાળાની મૂડીખોટ રૂ.૮૫,૦૦૦

**Q.3** વિવાન ડિપાટમેન્ટલ શોપનાં ચોપડામાંથી તા.૩૧-૩-૨૦૨૩નાં રોજ પૂરા થતાં વર્ષ માટે નીચેની માહિતી મળેલ છે. તેના પરથી ખાતાવાર વેપાર ખાતું, ખાતાવાર નફા-નુકસાનખાતું તેમજ સામાન્ય નફા-નુકસાનખાતું તૈયાર કરો. **13**

| **વિગત** | **અ વિભાગ** | **બ વિભાગ** |
|---|---|---|
| માલનો સ્ટૉક | | |
| તા.૧-૪-૨૦૨૨નાં રોજ | રૂ.૧,૫૦,૦૦૦ | રૂ.૧,૨૦,૦૦૦ |
| તા.૩૧-૩-૨૦૨૩નાં રોજ | રૂ.૨,૦૦,૦૦૦ | રૂ.૧,૮૦,૦૦૦ |
| ખરીદી | રૂ.૧,૪૦,૦૦૦ | રૂ.૧,૨૦,૦૦૦ |
| ખરીદ માલ પરત | રૂ.૨૦,૦૦૦ | રૂ.૩૦,૦૦૦ |
| વેચાણ | રૂ.૨,૨૫,૦૦૦ | રૂ.૧,૧૦,૦૦૦ |
| વેચાણ માલ પરત | રૂ.૨૫,૦૦૦ | રૂ.૧૦,૦૦૦ |
| પગાર | રૂ.૧૫,૦૦૦ | રૂ.૧૫,૦૦૦ |
| યંત્રો | રૂ.૪૦,૦૦૦ | રૂ.૪૦,૦૦૦ |
| રોકેલી જગ્યા (ચો.ફૂટ) | ૧,૫૦૦ | ૫૦૦ |
| લાઇટનાં પોઇન્ટ | ૪ | ૩ |

**સંયુક્ત ખર્ચા:**

સામાન્ય પગાર રૂ.૧૫,૦૦૦, વીજળી ખર્ચ રૂ.૧૪,૦૦૦, પરચૂરણ ખર્ચ રૂ.૯,૦૦૦, માલનું વીમા પ્રિમીયમ રૂ.૨૬,૦૦૦, ઓડિટ ફી રૂ.૧૨,૦૦૦, ભાડુ-કરવેરા રૂ.૨૪,૦૦૦, આપેલ વટાવ રૂ.૧૨,૦૦૦, મળેલ વટાવ રૂ.૭,૦૦૦, જાહેરાત ખર્ચ રૂ.૭,૫૦૦, આવકમાલ ગાડાભાડુંરૂ.૨,૧૦૦, જાવકમાલ ગાડાભાડું રૂ.૧૩,૫૦૦, મેનેજરનો પગાર રૂ.૧૨,૦૦૦

(1) સામાન્ય પગાર અને પરચૂરણ ખર્ચા વેચાણ સાથે સંકળાયેલ છે.
(2) યંત્રો પર ૧૦% ઘસારો ગણો.
(3) અ વિભાગનો જાહેરાત ખર્ચ બ વિભાગનાં ખર્ચ કરતાં રૂ.૧, ૨૦૦ વધુ છે.
(4) વર્ષ દરમિયાન અ વિભાગમાંથી રૂ.૧૫, ૦૦૦ નો માલ બ વિભાગને મોકલેલ છે.

**અથવા**

નીચેની માહિતી પરથી ક્રિપાનાં ચોપડે તા.૩૧-૩-૨૦૨૩નાં રોજ પૂરા થતાં વર્ષનું ૮%નીલોન નું ખાતું તૈયાર કરો. **13**

(1) વ્યાજ ચૂકવણીની તારીખ -૩૦મી જૂન અને ૩૧ મી ડિસેમ્બર
(2) દલાલી પડતર પર ૧% લેખે ગણાય છે.
(3) વર્ષ દરમિયાન થયેલા વ્યવહારો

| તારીખ | દાર્શનિક કિંમત (રૂ.) | ભાવ(રૂ.) | નોંધ |
|---|---|---|---|
| ૧-૫-૨૦૨૨ | ૨,૦૦,૦૦૦ | ૯૪ | ખરીદી |
| ૧-૭-૨૦૨૨ | ૮૦,૦૦૦ | ૯૬ | વ્યાજબાદ વેચાણ |
| ૩૧-૮-૨૦૨૨ | ૧,૦૦,૦૦૦ | ૯૨ | વ્યાજબાદ ખરીદી |
| ૧-૨-૨૦૨૩ | ૬૦,૦૦૦ | ૯૫ | વેચાણ |

સરેરાશ પડતર પધ્ધતિનો ઉપયોગ કરો.

**Q.4** (અ) માધુરીની નીચે જણાવેલ વિગતો પરથી આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે કરપાત્ર મૂડીનફો શોધો. **8**

| મિલકતો | ખરીધા તારીખ | ખરીદ કિંમત રૂ | વેચાણ તારીખ | વેચાણ કિંમત રૂ | ફેરબદલી ખર્ચ રૂ |
|---|---|---|---|---|---|
| (૧) ઝવેરાત | ૧-૮-૨૦૦૪ | ૫,૬૫,૦૦૦ | ૬-૫-૨૦૨૨ | ૧૮,૦૦,૦૦૦ | ૭,૫૦૦ |
| (૨) અંગત | ૩૦-૫-૧૯૯૬ | ૨,૫૦,૦૦૦ | ૩૧-૫-૨૦૨૨ | ૭૫,૦૦,૦૦૦ | ૧૨,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| રહેઠાણનું મકાન | | | | | |
| (3)અંગત મોટરકાર | ૧૮-૯-૨૦૧૮ | ૪,૫૦,૦૦૦ | ૧૮-૯-૨૦૨૨ | ૨,૦૦,૦૦૦ | ------------ |
| (4)રહેઠાણનું મકાન | ૧-૧-૨૦૨૩ | ૭૬,૦૦,૦૦૦ | ------------- | ------------- | ------------ |

તા.૧-૪-૨૦૦૧નાં રોજ અંગત રહેઠાણનાં મકાનની વાજબી બજાર કિંમત રૂ.૬,૦૦,૦૦૦ હતી. વેચેલ મકાનમાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રૂ.૧,૮૦,૬૦૦નો સુધાર-વધારા અંગેનો ખર્ચ કર્યો હતો.

**સંબંધિત સૂચકઆંકઃ**

| નાણાકીય વર્ષ | સૂચકઆંક |
|---|---|
| ૨૦૦૧-૦૨ | ૧૦૦ |
| ૨૦૦૪-૦૫ | ૧૧૩ |
| ૨૦૧૮-૧૯ | ૨૮૦ |
| ૨૦૨૦-૨૧ | ૩૦૧ |
| ૨૦૨૨-૨૩ | ૩૩૧ |

**અથવા**

(અ) દીક્ષીતની નીચે જણાવેલ વિગતો પરથી આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે કરપાત્ર મૂડીનફો શોધો. . **8**

તા. ૧૦-૩-૨૦૨૩ના રોજ રીલાયન્સ લિ.નાં૧,૬૫૦ શેરો શેરદીઠ રૂ.૩૫૦ના ભાવે વેચ્યા આ અંગે શેરદીઠ રૂ. ૩ લેખે દલાલી ચૂકવી છે. વેચેલ શેર અંગેની માહિતી નીચે મુજબ છેઃ-

(1) તા.૧-૧ -૧૯૯૫ ના રોજ ૧,૦૦૦ મૂળ શેરોની ખરીદી શેરદીઠ રૂ.૮૦નાં ભાવે કરી હતી.

(2) તા. ૧-૩-૨૦૦૦ના રોજ રીલાયન્સ લિ.એ ૫ શેરે ૪ બોનસ શેરના પ્રમાણમાં ૮૦૦ બોનસ શેર ફાળવેલા હતા.

(3) તા.૧-૪-૨૦૦૧નાંરોજ શેરોની વાજબી બજાર કિંમત શેરદીઠ રૂ. ૯૦ હતી.

(4) તા.૧-૫-૨૦૧૮ના રોજ રીલાયન્સ લિ.એ૨ શેરે ૧ બોનસ શેરના પ્રમાણમાં ૯૦૦ બોનસ શેર ફાળવેલા હતા.

(5) તા. ૧૦-૩-૨૦૨૩ના રોજ વેચેલ શેરોમાં ૪૦% મૂળ શેરોનો, પ્રથમ વખત મળેલ ૧૦૦% બોનસ શેરોનો અને બીજી વખત મળેલ બોનસ શેરો પૈકીનાં ૫૦% શેરોનો સમાવેશ થાય છે.

સંબંધિત સૂચકઆંકઃ

| **નાણાકીય વર્ષ** | **સૂચકઆંક** |
|---|---|
| ૨૦૦૧-૦૨ | ૧૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૩૧ |

**(બ) ટૂંકનોંધ લખો. (કોઇપણ બે)** **6**

(1) વસવાટના આધારે એસેસીનું વર્ગીકરણ
(2) કરપરિવર્જન અને કરચોરી
(3) GST પરિષદ
(4) GST રજિસ્ટ્રેશન પ્રક્રિયા સમજાવા

*****END*****